ગૌરવ સેનાની ભવન બહુલક્ષી સૈનિક કલ્યાણ સંકુલ સુરત માટે નવી કારકુનની ૧ જગ્યા ઉભી કરવા અને અન્ય કામગીરી આઉટ સોર્સીંગથી કરવા માટે નવી બાબત વર્ષ–૨૦૧૩–૧૪ તરીકે થયેલ જોગવાઈને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મસક/૧૦૨૦૧૨/૨૦૫૭/ફ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૧૦/૪/૨૦૧૩

**ઠરાવઃ–**

ગૌરવ સેનાની ભવન બહુલક્ષી સૈનિક કલ્યાણ સંકુલ સુરત માટે નવી કારકુનની ૧ જગ્યા ઉભી કરવા અને કરવા અને અન્ય કામગીરી આઉટ સોર્સીંગથી કરવા માટે વર્ષ ૨૦૧૩–૧૪ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે થયેલ જોગવાઈ રૂા. ૧૦.૦૦ લાખને વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ છે

૨. ગૌરવ સેનાની ભવન બહુલક્ષી સૈનિક કલ્યાણ સંકુલ સુરત માટે નવી કારકુનની ૧ જગ્યા ઉભી કરવા અને અન્ય કામગીરી આઉટ સોર્સીંગથી કરવા માટે નવી બાબત તરીકે થયેલ જોગવાઈ માટે રૂા. ૬.૦૦ લાખ નોન પ્લાન હેઠળ અને પ્લાન હેઠળ રૂા. ૪.૦૦ લાખની એમ કુલ ૧૦.૦૦ લાખની વર્ષ ૨૦૧૩–૧૪ની નવી સેવાની જોગવાઈને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૩–૧૪ ની જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) વર્ગ–૩ ની જગ્યા ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬, તા. ૧/૮/૨૦૦૬ તથા તા. ૨૯/૪/૨૦૧૦ તથા સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ તથા તા. ૧૦/૫/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ પ્રમાણે ભરવાની રહેશે.

(૩) વર્ગ–૪ ની જગ્યાની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટ સોર્સીંગથી કરવાની રહેશે.

(૪) જે તે જગ્યાના પગાર ધોરણો આર.ઓ.પી.૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ચકાસી લેવાની રહેશે.

(૫) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારોને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણા વિભાગના તા. ૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી તથા તા. ૨૭/૯/૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંકઃ નપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦(પા.ફા.)/પી ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર ધ્વારા તારીખઃ ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગેનો વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

(૬) આ જગ્યા ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રિમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે.

(૭) આ જગ્યા ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઈ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૮) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૯) રાજ્ય સરકાર ધ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) આ નવી જગ્યા અંગેનો ખર્ચ નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૧૧) નવી મંજૂર કરેલ જગ્યા જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી મંજૂરી મેળવવાની રહેશે.

(૧૨) આ યોજના અંગેનું ખર્ચ તા. ૧/૪/૨૦૧૩ પછી જ કરવાનું રહેશે.

કેન્દ્રનો ફાળો મેળવી લેવાની કાર્યવાહી કરવાની રહેશે. જુનીયર કારકુનની –૦૧ જગ્યા રૂા. ૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૧૯૦૦ ના પગાર ધોરણમાં ઉકત શરતોને આધીન ઉભી કરવાની રહેશે. આ જગ્યા બાંધકામની કામગીરી પૂર્ણ થયા બાદ ગૌરવ સેનાની ભવન બહુલક્ષી સૈનિક કલ્યાણ સંકુલ સુરત કાર્યરત થયેથી ભરવાની રહેશે.

આઉટ સોર્સીથી સેવા લેવા અંગે હાલ આ પ્રકારના રાજ્યમાં કેટલા સંકુલ કાર્યરત છે. તેમાં સીકયુરીટી ગાર્ડ, રુમ એટેન્ડન્ટ, માળી, રસોઈયા, સહાયક અને સફાઈ કામદાર કેટલા માણસોની સેવાઓ સંકુલદીઠ લેવામાં આવે છે. દરેક કેટેગરી વાઈઝ માસિક અંદાજીત કેટલો ખર્ચ થવાની સંભાવના છે. આ સંકુલમાં રુમોની સંખ્યા, અંદાજીત માસિક વપરાશની વિગતો અને જસ્ટીફીકેશન સાથે અલગથી મંજૂરી મેળવી લેવાની રહેશે. તે મુજબ રૂા. ૧૦.૦૦ લાખની નવી સેવાની દરખાસ્તને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ અંગે થનાર ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ ના નીચેના બજેટ સદર હેઠળના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી નંબર | ૦૪૬ |
| ૨ | મુખ્ય સદર | ૨૨૩૫–સામાજિક સુરક્ષા અને કલ્યાણ |
| ૩ | પેટા મુખ્ય સદર | ૬૦–અન્ય સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમો |
| ૪ | ગૌણ સદર | ૨૦૦–અન્ય યોજનાઓ |
| ૫ | પેટા સદર | ૦૧–SCW –૩૭<br>જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટની કચેરી |
| ૬ | ખર્ચનો પ્રકાર | આયોજન હેઠળ/આયોજન બહાર |
| ૭ | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૨૩૫ ૬૦ ૨૦૦ ૦૧ |
| ૮ | પ્લાન યોજનાનો કોડ | ૫૧૭૯૫૭ |

૪. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પરની અગ્ર સચિવશ્રી,નાણા વિભાગની તા.૨૮/૩/૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

<u>નકલ રવાના:–</u>

- નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, શાહીબાગ, એરપોર્ટ રોડ, અમદાવાદ.
- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી, સુરત.
- તિજોરી અધિકારીશ્રી, સુરત.
- નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ //ડુપ્લિકેટ ફાઈલ.

D:\Backup\Document\SAINIK WELFARE\LETTERSOF SAINIK WELFARE.doc